

**અભિષેક બચ્ચન 75થી વધુ ફિલ્મોમાં કામ કરી ચૂક્યો છે અને તે હવે સફળતાની આશા વિના કામ કરે છે. તે એવો ખરાબ અભિનેતા પણ નથી પણ તેની સાથે લક નથી રહ્યું. પ્રેક્ષકોમાં તેની સારી ઈમેજ પણ છે અને તે કારણે હજુ તેને ફિલ્મો મળે છે**

# પિક્ચર અભિ(ષેક) બાકી હૈ...



સ્ટાર દમ

અભિષેક બચ્ચનને એ વાતનો અફસોસ હોય છે કે નહીં તેની ખબર નથી પણ ઐશ્વર્યા રાય તેનાથી છૂટાછેડા લઈ રહી છે એવી ચર્ચા નીકળે ત્યારે જ તેને યાદ કરે છે. અફવાઓના જવાબ આપવાના નથી હોતા અને અભિષેક તો ચૂપ રહેવાનું જાણે છે. તે આ ચૂપકીદી કદાચ એટલા માટે પણ છે કે અભિનેતા તરીકે તે પૂરતો સફળ નથી રહી શક્યો. તેના ઘરમાં ત્રણ-ત્રણ સક્સેસફૂલ સ્ટાર્સ છે અને એટલું જ નહીં અત્યારે તો અભિષેકથી વધુ તો તેની દીકરી આરાધ્યાની ચર્ચા રહે છે, જેણે હજુ એક પણ ફિલ્મમાં કામ નથી કર્યું. પરંતુ અભિષેક બહુ જ સ્વસ્થ માણસ છે. બાકી તેની છેલ્લી ફિલ્મ તો ગયા વર્ષે રજૂ થયેલી ને જેનું નામ 'ઘુમર' હતું. તેની છેલ્લી સફળ ફિલ્મ કઈ એવું પૂછો તો કોઈને યાદ ન પણ આવે પણ 'હાઉસફુલ-3'ને ગણાવી શકાય. બાકી તો અભિષેક જે ફિલ્મોને સફળ ગણતો હોય તે તમારેય સહાનુભૂતિકપૂર્વક ગણી લેવું. બાકી તેની કારકિર્દી હવે પૂરાં પચ્ચીસ વર્ષની થઈ છે. તમે આ સિલ્વર જ્યુબિલી માટે તેને અભિનંદન આપી શકો. અભિષેક બચ્ચન 75થી વધુ ફિલ્મોમાં કામ કરી ચૂક્યો છે અને તે હવે સફળતાની આશા વિના કામ કરે છે. તે એવો ખરાબ અભિનેતા પણ નથી પણ તેની સાથે લક નથી રહ્યું. પ્રેક્ષકોમાં તેની સારી ઈમેજ પણ છે અને તે કારણે હજુ તેને ફિલ્મો મળે છે. આ અઠવાડિયે જ સુજીત સરકાર દિગ્દર્શિત 'આઈ વોન્ટ ટુ ટોક'માં તે આવી રહ્યો છે જેનો વિષય ખરેખર જ બહુ સારો છે. સુજીત સરકારે અમિતાભ બચ્ચન સાથે 'પિકુ', 'પિન્ક', 'ગુલાબો સિતાબો' ફિલ્મ બનાવી હતી ને હવે અભિષેક સાથે બનાવી છે. તેની ફિલ્મમાં કોઈ હીરો નથી હોતું, ચરિત્ર અભિનેતા હોય છે. અભિષેકની આ ફિલ્મમાં પિતા-પુત્રી સંબંધ છે. અભિષેક અભિનેતા તરીકે વખાણ મેળવી જાય તો નવાઈ નહીં. આ પહેલાંની 'ઘૂમર'માં ય તે હીરો નહોતો. એવું લાગે છે કે તે હીરો તરીકે રોમાન્સ કે એક્શન કરવાથી મુક્ત થઈ ગયો છે. બાકી તેની પાસે 'શૂટાઉટ એટ ભાયખલ્લા, 'હાઉસફુલ-5, ' શાહરૂખ ખાન સાથેની 'કિંગ', 'હેરાફેરી-3' અને નિખિલ અડવાણીની ફિલ્મ તો છે. સાઉથની એક ફિલ્મમાં તે ક્રિતી શેટ્ટી સાથે કામ કરી રહ્યો છે. મતલબ કે ઐશ્વર્યા સાથે થનારા ડાયવોર્સની અફવા સિવાય પણ તમે અભિષેકની ચર્ચા કરી શકો. ઐશ્વર્યાની કારકિર્દી તો અટકી ગઈ છે પણ અભિષેકની ચાલુ છે. હા, અમિતાભ બચ્ચન જેટલી ફિલ્મો તેની પાસે ન હોય અને એવી બોલબાલા પણ ન હોય પણ છતાં અભિષેક હજુ પણ કામ કરતો રહેશે. તેની ફિલ્મો નિષ્ફળ જતી હશે. હજુ તે નિષ્ફળ નથી ગણાતો. નામ ભલે ઓછું છે પણ કામ તો છે. ●



લાઈમ લાઈટ

# વાણી ક્યારે બનશે રાણી?

હિન્દી ફિલ્મોમાં કપૂર તો ભરપૂર છે પણ બહુ ઓછા છે જે ખૂબ બધી ફિલ્મોથી ચક્ચૂર છે. વાણી કપૂરનું પણ એવું સમજો. ઘણીવાર આપણે અમુક ટેલેન્ટેડ એક્ટ્રેસને જોઇને કહેતા હોય છે આને જો સારા બેનરની સારા સ્ટાર્સ સાથેની ફિલ્મ મળે તો જામી જશે. વાણી કપૂરને શરૂથી જ સારા બેનરની સારા સ્ટાર્સ સાથેની ફિલ્મ મળી પણ વાણી તોય રાણી ન થઇ શકી. હવે બદ્તમીઝ ગીલમાં તે આવી રહી છે. આ ફિલ્મનાં નિર્માતા પંજાબી દિગ્દર્શક પંજાબી, હીરો પંજાબી છે અને બદ્તમીઝ ગીલ જેવું. શીર્ષક પણ પંજાબી છે. પ્રેક્ષકોને થશે કે આટલું બધું પંજાબ છે તો પંજાબીમાં જ ફિલ્મ બનાવીને પંજાબમાં જ રજૂ કરવી હતી ને? ખેર જાને દો. વાણી પંજાબી છે ને તેને પંજાબીઓની મદદ લેવી પડે છે. જોકે તેની પહેલી ફિલ્મ શુદ્ધ દેશી રોમાન્સ પણ આદિત્ય ચોપરાની હતી. યશરાજ ફિલ્મ શરૂથી જ પંજાબી અભિનેત્રીઓને તક આપવામાં માને છે તેનો લાભ વાણીને થયો હતો. તે સિલસિલો આજ સુધી ચાલે છે એટલે વાણી ચાલે છે. તેની બીજી ફિલ્મ બેફિક્રે પણ આદિત્ય ચોપરાની, ત્રીજી વોર પણ આદિત્ય ચોપરાની અને તો પણ જુઓ વાણી ઠેરની ઠેર છે. બેલ બોટમ ફિલ્મમાં તેનો હીરો અક્ષયકુમાર હતો. ચંડીગઢ કરે આશિકીનાં શીર્ષકમાં પણ પંજાબ અને હીરો પણ પંજાબી આયુષ્યમાન હતો. આટલી ફિલ્મો પછી વળી આદિત્યએ તેને શમશેરામાં રણબીર જેવા સ્ટાર સાથે તક આપી. પણ વાણીની ધાણી હજુ પણ ફૂટી નથી. બદ્તમીઝ ગીલ ફિલ્મ પછી પણ વાણીની બાજીમાથી પત્તા ઓછા થતાં નથી અજય, રિતેશ દેશમુખ સાથે તે રેઇડ-2માં આવી રહી છે. આ ફિલ્મ ત્રણેક મહિના પછી ફેબ્રુઆરીમાં રિલીઝ થવાની છે. તેમાં ઇલિયાના ડીક્રુઝ કામ કરવાની હતી પણ તેને બદલીને વાણીને લેવામાં આવી છે. તેની અન્ય એક આવી રહેલી ફિલ્મ છે. અબીર ગુલાલ જેમાં તેની સાથે ફવાદ છે. આ ફિલ્મ લંડનમાં ફિલ્માવાય રહી છે. વાણી પાસે તો બચપન કા પ્યાર નામે ય એક ફિલ્મ છે. જેમાં રાજકુમાર રાવ છે. તકો મેળવવામાં તો વાણી સારું નસીબ લઇને આવી છે પણ તક વડે પૂરવાર થવામાં કેમ પાછી પડે છે તે સમજાતું નથી. તે દેખાવમાં પણ સારી છે. ગ્લેમરસ છે અને અભિનયમાં પણ નબળી નથી. હા, તે સાહસિક નથી. સારા બેનર અને સારા સ્ટાર્સની ઓથમાં ઊભા રહેવાનું તેને સલામત લાગે છે. આવી ફિલ્મોથી વધારે લાભ થતો નથી. શીરામાં એલચી નાંખો, દૂધપાકમાં એલચી નાંખો તો શીરો કે દૂધપાક સારો લાગે પણ એલચીથી શીરો કે દૂધ નથી બનતા. વાણી કપૂર આ સમજે તે જરૂરી છે કારણ કે તક કાંઇ હંમેશા મળતી રહેતી નથી. ●

**બદ્તમીઝ ગીલ ફિલ્મ પછી પણ વાણીની બાજીમાંથી પત્તા ઓછા થતાં નથી. અજય, રિતેશ દેશમુખ સાથે તે રેડ-2માં આવી રહી છે. આ ફિલ્મ ત્રણેક મહિના પછી ફેબ્રુઆરીમાં રિલીઝ થવાની છે**

ઈસાબેલે જ્યારે ફિલ્મોમાં આવવા પ્રયત્ન કરતી હતી ત્યારે કેટરીના કૈફ તો ટોપની એક્ટ્રેસ હતી પરંતુ તે નામે ઈસાબેલેને સારા બેનરની ટોપ સ્ટાર્સ સાથેની ફિલ્મ નથી મળી. ઈસાબેલે ઈંગ્લિશ ફિલ્મ 'મોમ'થી શરૂઆત કરેલી

# ઈસાબેલે શું માત્ર કૉપી કૅટ(રિના) બની રહેશે?

કેટરીના કૈફ તો સમજો કે હવે નિવૃત્ત છે પણ તમારે તેની બહેન ઈસાબેલે કૈફને જોવી હોય તો હાજર છે. જો કે તેની આજ સુધીમાં ચાર ફિલ્મો આવી ચૂકી છે પણ કોઈને કહીએ તો પૂછશે, 'એમ? એ કઈ?' ને કોઈને એવો પ્રશ્ન થાય તો તેનો સીધો અર્થ એ થયો કે ઈસાબેલે હજુ સુધી પોતાની કોઈ ઈમ્પેક્ટ ઊભી કરી શકી નથી. અભિનયના ક્ષેત્રે પ્રવેશવા પહેલાં તે સહાયક દિગ્દર્શક પણ રહી ચૂકી છે. અભિનય ક્ષેત્રે નિષ્ફળ જાય તો તે દિગ્દર્શન ક્ષેત્રમાં પ્રવેશશે એવું ધારી શકાય. તકલીફ એ છે કે પોતે નિષ્ફળ ગઈ છે એવું માનવાનું તે ક્યારે શરૂ કરશે? હમણાં તેની 'સુસ્વાગતમ્ ખુશામદીદ' નામની ફિલ્મ આવી રહી છે. એ એક પ્રેમ, મૈત્રી અને સમાજમાં સાથે રહેવાનો મેસેજ આપતી હળવી ફિલ્મ છે. કેટરીનાની બહેન છે એટલે આ ફિલ્મમાં કોઈ મોટા સ્ટાર હશે એવું ધારો તો તેવું પણ નથી. ફિલ્મમાં અરુણ બાલી, મનુ રિશી ચઢ્ઢા વગેરે છે. સ્ટાર્સના નામનું આકર્ષણ હોય તો પ્રેક્ષકો ફિલ્મો જોવા દોડી જતા હોય છે. આમાં એવું નથી અને ઈસાબેલેની તાકાત નથી કે પોતાના નામ પણ પ્રેક્ષકોને ફિલ્મ જોવા મજબૂર કરે. ઈસાબેલે જ્યારે ફિલ્મોમાં આવવા પ્રયત્ન કરતી હતી ત્યારે કેટરીના કૈફ તો ટોપની એક્ટ્રેસ હતી પરંતુ તા નામે ઈસાબેલેને સારા બેનરની ટોપ સ્ટાર્સ સાથેની ફિલ્મ નથી મળી. ઈસાબેલે ઈંગ્લિશ ફિલ્મ 'મોમ'થી શરૂઆત કરેલી. તેની બીજી ફિલ્મ 'સુમુમ બોનુમ' પણ ઈંગ્લિશ જ હતી અને ત્રીજી 'ડો. કેબી' પણ ઈંગ્લિશ હતી પણ કેનેડાનાં ભારતીયની વાત કરતી હતી એટલા પૂરતી ભારતીય ફિલ્મ કહી શકાય. જો કે આ ત્રણે ફિલ્મોમાં ઈસાબેલેની ભૂમિકા નાની હતી. છેલ્લે 2021માં 'ટાઈમ ટુ ડાન્સ' આવી હતી જેમાં સુરજ પંચોલી હીરો હતો. ફિલ્મ પ્રેક્ષકોની નજરે ચડી ન શકી. એટલે ઈસાબેલે ધીમી હતી તેનાથી વધુ ધીમી પડી ગઈ અને હવે આ 'સુસ્વાગતમ્ ખુશામદીદ' આવી છે. ઈસાબેલે જરૂર ઈચ્છતી હશે કે આ વખતે બધાની નજરે ચડે. ઈસાબેલે પોતાની કારકિર્દી એકલી જ લડતી હોય એવું લાગે છે. કેટરીના તેને મદદ કરી શકે તેમ નથી. કારણ કે તે પોતે જ સલમાન ખાનની મદદથી ઊભી હતી. અલબત્ત, તેના સૌંદર્યથી પ્રેક્ષકો અભિભૂત હતાં અને તે પોતે ઘણી મહેનતુ હતી એટલે સલમાન ઉપરાંત શાહરૂખ, રણબીર કપૂર, ઋતિક રોશન વગેરે સાથે તેની ફિલ્મો આવી હતી. ●



ગ્લેમર